# બિન સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના ફાજલ શિક્ષકો/ કર્મચારીઓને રક્ષણ આપવા બાબત

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ ઉમશ–૧૨૯૩/૨૫૩૩/ગ ૧,
સચિવાલય, ગાંધીનગર, તા.૨૧–૧૨–૧૯૯૪.

**વંચાણમાં લીધો :** (૧) સરકારશ્રી શિ.વિ.નો તા.૨૧–૫–૧૯૯૪ નો ઠરાવ ક્રમાંક : બકશ–મા.૧/ ઘ/ ૯૪–૯૫–૧૩૦૭૧

(૨) ઉચ્ચ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરનો તા.૬–૧૦–૯૪ નો પત્રક્રમાંકઃ બકશ– મા.૧/ ઘ.૯૪–૯૫ ૧૩૦૭૧.

**આમુખ :** બિન સરકારી તથા ઉચ્ચતર માધ્યમિશ શાળાના ફાજલ શિક્ષકો કર્મચારીઓને રક્ષણ આપવા સંબંધે ઉકત સદંર્ભ(૧) હેઠળના તારીખ ૨૧–૫–૯૪ ના ઠરાવથી એક નવી નીતી ઘટી કાઢવામાં આવી હતી. સદરહું નીતિના સંદર્ભમાં ગુજરાત રાજય ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંઘ મહામંડળની તા.૨૯–૯–૯૪ ના રોજ માન નાયબ મુખ્યમંત્રીશ્રી (શિક્ષણ) ના અધ્યક્ષપદ હેઠળના બેઠકમાં થયેલી ચર્ચામાં નકકી થયા મુજબ, તા.૨૧–૫–૯૪ ના ઠરાવથી ફાજલનુ રક્ષણ મેળવવાપાત્ર થતાં હોય તેવાં શિક્ષકો/ કર્મચારીઓ તેમની બાકી રહેતી સમગ્ર નોકરી દરમિયાન ફકત એક જ વખત શાળા બદલે તો તેને ફાજલનું રક્ષણ મળી શકે કે કેમ તે બાબત સરકારશ્રીના સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :** કાળજીપૂર્વકની વિચારણાને અંતે ઉક્ત સંદર્ભ (૧) હેઠળના તા.૨૧–૫–૧૯૯૪ ના ઠરાવથી નકકી થયેલી નવી નીતિ મુજબ બિનસરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના ફાજલ શિક્ષકો/ કર્મચારીઓ કે જેઓ, ફાજલનુ રક્ષણ મેળવવાને પાત્ર થતાં હોય, તેવા શિક્ષકો/ કર્મચારીઓ તેમની બાકી રહેતી સમગ્ર નોકરી દરમિયાન ફકત એક જ વખત શાળા બદલે તો તેને નીચેની શરતોને આધીન ફાજલનું રક્ષણ ચાલુ રહેશે તેવું આથી ઠરાવવામાં આવે છે.

(૧) ઉકત સંદર્ભ (૧) હેઠળના તા.૨૧–૫–૯૪ ના ઠરાવ ક્રમાંક : ઉમશ–૧૨૯૩૨૫૩૩ / ગ. ૧ મુજબ તે શિક્ષક/ કર્મચારીની નિમણૂક તા.૧૫–૪–૯૩ કે તે પહેલાં સમયમાં થયેલી હોવી જોઈએ એટલે કે ફાજલનું રક્ષણ મેળવવાને પાત્ર હોવા જોઈએ.

(૨) ઉપર (૧) મુજબના સંબંધિત શિક્ષક/ કર્મચારી કે જેણે શાળા બદલી હોય તેણે સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી મારફત ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની પૂર્વમંજુરી મેળવવાની રહેશે.

(૩) જે શિક્ષક કર્મચારીને શાળા બદલવાની મંજૂરી આપવામાં આવી હોય એ મંજૂરીની નોંધ તેની સેવાપોથીના શાળાના આચાર્યશ્રીએ કરવાની રહેશે અને તે નોંધને સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીએ પ્રમાણિત કરવાની રહેશે તથા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી ધ્વારા તેવા શિક્ષક કર્મચારી ને શાળા બદલવા મંજૂરી આપતું પ્રમાણપત્ર આપવામાં આવશે અને તે પ્રમાણપત્ર સંબંધિત શિક્ષક કર્મચારીની સેવાપોથીમાં ચોંટાડીને રાખવાનું રહેશે.

(૪) ઉચ્ચ શિક્ષક કમિશ્નરશ્રીની મંજૂરી વિના જો શિક્ષક/ કર્મચારી શાળા બદલશે તો તેની નિમણૂક તારીખ: ૧૫–૪–૯૩ કે તે પહેલાંની હશે તો પણ ફાજલ શિક્ષક/ કર્મચારીનુ રક્ષણ મેળવવાને પાત્ર રહેશે નહિ.

(૫) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની પૂર્વમંજૂરી વિના જે શિક્ષક/ કર્મચારી ફાજલ તરીકેનુ રક્ષણ મેળવવાને પાત્ર ન થતા હોય તો તેવા શિક્ષક/ કર્મચારી નવી શાળામાં દાખલ થશે તો તેના પગાર કે પગાર ધોરણ યોજના હેઠળ ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

ગુજરાત રાજયપાલશ્રી અને તેમના નામ,

(સહી) સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ